**Academic Anxiety, Self-Confidence and Stress among Adolescence in relation to their Gender, Area and Educational Stream**

Ph.D. Scholar – Vishvas K. Prajapati

Guide – Dr. Ashok N. Prajapati

Year 2020

**Abstract**

તરૂણાવસ્થા એ વ્યક્તિના જીવનની અતિ મહત્ત્વની અવસ્થા છે. આ અવસ્થામા જ વ્યક્તિએ પોતાના વ્યક્તિત્ત્વને એક આગવી ઓળખ આપવા માટેના વિકાસના તમામ પાસાઓનો વિકાસ કરવાનો હોય છે. તરૂણોના વિકાસની આ અવસ્થામા તેના આત્મવિશ્વાસમા વધારો થાય અને તેને અવરોધતા પરિબળોને દૂર કરવામા આવે તો એક સ્વસ્થ આત્મવિશ્વાસથી છલોછલ વ્યક્તિત્ત્વનું નિર્માણ થઇ શકે છે. સાથે સાથે આ અવસ્થામા અનેક પ્રશ્નોને કારણે મનોભાર ઉત્પન્ન થતો હોય છે, આથી તેનુ વ્યવસ્થાપન કરવુ પણ એટલુ જ જરૂરી બની રહે છે. આ અવસ્થામા અભ્યાસ કરવાનો હોવાથી શૈક્ષણિક ચિંતાઓ પણ એટલીજ સતાવતી હોય છે. આથી પ્રસ્તુત સંશોધનનો હેતુ જાતિ, વિસ્તાર અને શૈક્ષણિક પ્રવાહના સંદર્ભમા તરૂણોના આત્મવિશ્વાસ, મનોભાર અને શૈક્ષણિક ચિંતાનો અભ્યાસ કરવાનો હતો. અહિયા સ્વતંત્ર પરિવર્ત્ય તરીકે જાતિ, વિસ્તાર અને શૈક્ષણિક પ્રવાહનો સમાવેશ કરવામા આવ્યો છે, જ્યારે આધારિત પરિવર્ત્ય તરીકે આત્મવિશ્વાસ, મનોભાર અને શૈક્ષણિક ચિંતાનો સમાવેશ કરવામા આવ્યો છે. અહિયા સાદા યદ્દ્ચ્છ નિદર્શન દ્વારા 720નો નિદર્શ લેવામા આવ્યો હતો. 2x2x3 ફેક્ટોરીયલ યોજના પ્રયોજવામા આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં માહિતીના એકત્રીકરણ માટે ,'વ્યક્તિગત માહિતીપત્રક' 'શૈક્ષણિક ચિંતા તુલા, 'આત્મવિશ્વાસ સંશોધનિકા, અને 'મનોભાર તુલા' નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ માટે F – t e s t અને 'r' – સહસંબંધ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનનું પરિણામ જોતા કહી શકાય છે કે જાતિની મુખ્ય અસરના સંદર્ભમા તરૂણોની શૈક્ષણિક ચિંતામા કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી પરંતુ આંતરિક અસરમા જોવા મળે છે. જ્યારે વિસ્તાર અને શૈક્ષણિક પ્રવાહના સંદર્ભમા સાર્થક તફાવત જોવા મળે છે. જાતિ, વિસ્તાર અને શૈક્ષણિક પ્રવાહના સંદર્ભમા તરૂણોના આત્મવિશ્વાસમા અને મનોભારમા કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી જ્યારે આંતરિક અસરમા જોવા મળે છે.